## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ / પ્રકાર | મિશન બલમ્ સુખમ્ ( ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશન ) |
| ૨ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | ૦-૫ વર્ષ સુધીના તમામ કુપોષિત અને અતિકુપોષિત બાળકો |
| ૩ | યોજના અંતર્ગત સહાય / લાભ | આ યોજના અંતર્ગત ૦-૫ વર્ષના કુપોષિત તથા અતિકુપોષિત બાળકોને ક્ષેત્રીય તથા સંસ્થા ખાતે સારવાર આપવામાં આવે છે. હાલમાં આ કામગીરી આંતર વિભાગીય સંકલન દ્વારા થતી હોઈ ક્ષેત્રીય કક્ષાએ WCD-ICDS વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ કાર્યક્રમ "ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર ( Intensive Nutrition Campaign Center )" અંતર્ગત બિમાર ન હોય તેવા કુપોષિત બાળકોને આંગણવાડી ખાતે માવજત કરવામાં આવે છે, તથા હિમાર કુપોષિત અને અતિકુપોષિત બાળકોને આરોગ્ય સંસ્થા ખાતે કાર્યરત બાળ સેવા કેન્દ્ર (CMTC) અને બાળ સંજીવની કેન્દ્ર ( NRC ) ખાતે તબીબી સારવારા અને પોષણ પુનર્વસન અર્થે મોકલવામાં આવે છે. |
| ૪ | યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ | આંગણવાડી કાર્યકર અને આશા ગામના તમામ બાળકોની નોંધણી ફરીયાદી બનાવશે.<br>ત્યાર બાદ એ.એન.એમ. આ બાળકોનું સ્ક્રીનીંગ કરશે. જેમાં તબીબી સારવારની જરૂરિયાત સિવાયના બાળકોને ગ્રામ્યકક્ષાએ ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર (INCC) પર માવજત કરવામાં આવશે જ્યારે સામાન્ય તથા સઘન તબીબી સારવારની જરૂરીયાતવાળા બાળકોને ક્રમશઃ પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર ખાતે કાર્યરત બાળ સેવા કેન્દ્ર (CMTC) પર અને જિલ્લા હોસ્પિટલ / મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે કાર્યરત બાલ સંજીવની કેન્દ્ર (NRC) પર સારવાર અર્થે મોકલવામાં આવશે. ઉપરાંત મમતા દિવસે અને હોસ્પિટલમાં OPD દરમ્યાન 5f6 કુપોષિત બાળકોનું સ્ક્રીનીંગ કરી તેઓને ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર (INCC) / બાળ સેવા કેન્દ્ર (CMTC) / બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવામાં આવશે. |
| ૫ | યોજનાનો લાભ ક્યાંથી મળશે | યોજનાનો લાભ ગ્રામ્યકક્ષાએ આંગણવાડી કેન્દ્ર, તાલુકા કક્ષાએ પ્રા.આ. કેન્દ્ર / સા.આ. કેન્દ્ર અને જિલ્લા કક્ષાએ જિલ્લા હોસ્પિટલ / મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આયોજનાનો લાભ મળશે. જ્યારે શહેરી વિસ્તારમાં પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે. |